# શહેરમાં પ્રતિદિન ૬૫ એમએલડી સપ્લાય સામે ૬૦ લાખ લીટર પાણીનો બગાડ

**શહેરીજનોની જરૂરિયાત સંતોષવા માટે પ્રતિદિન ૬.૫ કરોડ લીટર પાણીનો સપ્લાય : સપ્લાયની સામે ૧૦ ટકા પુરવઠાનો વેડફાટ**

ગાંધીનગર તા ૨

આકરી ગરમીમાં શહેરમાં પાણીનો વપરાશ વધ્યો છે. શહેરમાં પાણી વિતરણ વ્યવસ્થા અપગ્રેડ કરાયા બાદ પાણીની પોકાર ડામવામાં પણ તંત્રને સફળતા મળી છે. જો કે વધતી વસતી અને વિકાસ વચ્ચે પાણીનો વપરાશ વધવાની સાથે સપ્લાય પણ વધારી દેવાયો છે. પરંતુ પાણીના બગાડના લીધે સેકટરોમાં હજુ પણ પાણીની પોકાર સમયાંતરે ઉઠતી રહે છે. શહેરમાં પાણીની જરૂરિયાતને પહોંચી વળવા માટે અસહ્ય ગરમીના દિવસોમાં પ્રતિદિન ૬૨ થી ૬૫ એમ એલ ડી પાણી સપ્લાય આપવામાં આવે છે. જયારે આ પૈકી ૧૦ ટકા પાણીનો બગાડ થાય છે. એક અંદાજ મુજબ શહેરમાં રોજ ૬૦ લાખ લીટર પાણી વેડફાય છે.

ગાંધીનગરમાં આકરી ગરમીમાં પાણીનો વપરાશ વધતા તંત્ર દ્વારા પણ સપ્લાય વધારી દેવામાં આવે છે. સરકાર શહેરીજનોની પાણીની જરૂરિયાત સંતોષવા માટે પ્રતિ વર્ષ રૂ ૨૦ કરોડનો ખર્ચ કરે છે. અલબત્ત પાણી માટે કરોડો રૂપિયા ખર્ચાય છે. જયારે પાણીના વપરાશની સામે વેરાની આવક માંડ બે કરોડ જેટલી થાય છે. શહેરમાં દાયકાઓના અંતે પાણી વિતરણ વ્યવસ્થા પણ અપગ્રેડ કરવામાં આવે છે. અગાઉ સે-૫ માં પાણીની નવિન ટાંકીનુ નિર્માણ કરી પાઈપ લાઈન પણ અપગ્રેડ કરી સમગ્ર શહેરમાં કોમન સપ્લાય આપવાનુ શરૂ કરવામાં આવ્યુ હતુ. જે મુજબ હાલ નગરના નવા અને જુના સેકટરોમાં પાણીનો સપ્લાય એક જ સમયે આપવામાં આવે છે. આકરી ગરમીના દિવસોમાં શહેરમાં પ્રતિદિન ૬૨ થી ૬૫ એમ એલ ડી પાણી સપ્લાય કરવામાં આવે છે. અલબત્ત શહેરીજનો રોજ ૬.૫ કરોડ લીટર પાણીનો વપરાશ કરે છે. પરંતુ પાણીના વપરાશની સાથે રોજબરોજ થતો પાણીનો બગાડ પણ તંત્ર માટે ચિંતાનો વિષય બન્યો છે. પાણીનો બેફામ બગાડ થતો અટકાવવા માટે આમ નાગરિકોને જાગૃત કરવાનો પ્રયાસ પણ અનેકવાર

● અનુસંધાન પાન-૭ પર



ગ્રીષ્મની જમાવટ - શહેરમાં ગરમીની જમાવટ અનુભવાય છે... પરસેવે રેબઝેબ નાગરિકો બહાર નિકળવાનું ટાળે છે... પરંતુ પ્રકૃતિ ગ્રીષ્મમાં પૂરબહાર ખીલી રહી છે... ગાંધીનગરના માર્ગોની બંને બાજુ લાલ-પીળા, રંગબેરંગી પુષ્પોથી આચ્છાદીત વનરાજી નયનરમ્ય બનતી જાય છે... ગરમીમાં પણ ઠંડક આપે એવા પ્રાકૃતિક વૈભવને માણવો જ રહ્યો....

# જિલ્લા પંચાયતની ૧૦મીએ ખાસ સામાન્ય સભા મળશે

**બે સમિતિઓની રચના અને વિકાસ કામો અંગે બેઠકમાં ચર્ચાઓ કરી બહાલી આપવામાં આવશે**

ગાંધીનગર, તા. ૨

ગાંધીનગર જિલ્લા પંચાયતની ખાસ સામાન્ય સભા આગામી ૧૦મી મે ના રોજ બોલાવવાની દિશામાં ચક્રો ગતિમાન થયા છે.

જિલ્લા પંચાયતની મહિલા અને બાળ વિકાસ સમિતિ તેમજ ખેતીવાડી, સહકાર અને ઉત્પાદન સમિતિની નવી રચનાઓ કરવા ઉપરાંત વિકાસના કામો જે ચૂંટણીને લઈ મંજૂરી આપવાના બાકી રખાયા હતા તેને મંજૂરી આપવા સહિતની બાબતોને લઈ આ ખાસ સામાન્ય સભા બોલાવવામાં આવી રહી છે.

આમેય જિલ્લા પંચાયતની સામાન્ય સભા ત્રણ મહિને બોલાવવાની હોય છે પણ વિકાસ કામો અને બે સમિતિઓની રચનાને મુદ્દે સત્તાધારી પક્ષો ખાસ સામાન્યસભા યોજવા માટે માંગણી કરી અને જિલ્લા વિકાસ અધિકારીને આપી દરખાસ્ત મોકલી આપી છે.

રામાજી ઠાકોરના અધ્યક્ષપદે ખાસ સામાન્યસભા પંચાયતના સરદાર પટેલ હોલમાં મળશે.

કોંગ્રેસ પક્ષના સૂત્રોમાંથી પ્રાપ્ત થતી વિગતો પ્રમાણે જિલ્લામાં બે સમિતિઓની મુદત પૂર્ણ થયાની વાતને બે માસ કરતાં વધુ સમય થઈ ગયો હોવાથી સમિતિઓની રચના માટે બેઠક બોલાવવી જરૂરી હોવાથી ખાસ સામાન્ય સભા બોલાવવામાં આવી રહી છે. જિલ્લામાં કોંગ્રેસ પક્ષે સત્તાના સૂત્રો સંભાળ્યા ત્યારથી પંચાયતની ખાસ સામાન્ય સભાઓ જ યોજવામાં આવતી હોવાથી સભ્યોને તેમના વિસ્તારના પ્રશ્નો રજુ કરવાના અધિકારો છીનવાઈ રહ્યા હોવાનો આક્ષેપ ભાજપના આગેવાનો કરી રહ્યા છે.

# હાઉસ ટુ હાઉસ સર્વેલન્સમાં ડેન્ગ્યુના ત્રણ દર્દી મળ્યા

**જિલ્લામાં ૨૬૯૧ તાવના દર્દી મળ્યા : સરઢવમાં ચિકનગુનિયાનો રિપોર્ટ નેગેટીવ આવ્યો : ૬૫૦૦ થી વધુ સ્થાનો પર મેલેરિયાના મચ્છરોની ઉત્પત્તિ જણાઈ આવી**

ગાંધીનગર, તા. ૨

જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં હાઉસ ટુ હાઉસ સર્વેલન્સ દરમ્યાન ૩ ડેન્ગ્યુના શંકાસ્પદ કેસ મળતાં તેમને વધુ સારવાર માટે ગાંધીનગર સિવિલ હોસ્પિટલ ખાતે રિફર કરવામાં આવ્યા હતા.

મેલેરિયા તંત્ર દ્વારા તા. ૨૪ થી ૨૯ એપ્રિલ દરમ્યાન યોજાયેલ હાઉસ ટુ હાઉસ સર્વેલન્સમાં સરઢવમાંથી પણ ચિકનગુનિયાના શંકાસ્પદ કેસ મળી આવ્યા હતા.

મેલેરિયા તંત્રના સૂત્રોમાંથી પ્રાપ્ત થતી વિગતો પ્રમાણે સરઢવમાંથી મળેલા શંકાસ્પદ દર્દીઓના નમૂના મેળવી ગાંધીનગર સિવિલમાં પરીક્ષણ માટે મોકલવામાં આવ્યા હતા. જ્યાંથી પરીક્ષણમાં નેગેટીવ રિપોર્ટ આવ્યો છે. હાઉસ ટુ હાઉસ સર્વેલન્સમાં ડેન્ગ્યુના જે ૩ શંકાસ્પદ કેસ મળ્યા હતા તેમાં બે ગાંધીનગર તાલુકાના અને એક કેસ દહેગામના કડજોદરા પીએચસી વિસ્તારનો હોવાનું જાણવા મળેલ છે.

તંત્રની ટીમોએ જિલ્લામાં ૨,૩૩,૯૦૩ ઘરોની તપાસ કરી ૧૨ લાખ ૪૧ હજારથી વધુ લોકોને સર્વેલન્સમાં આવરી લીધા હતા. આ સર્વેલન્સ દરમ્યાન ૬૫૪૬ સ્થાનો પરથી મચ્છરોના બ્રિડીંગ મળી આવતાં ટીમ દ્વારા પોરા નાશક કામગીરી કરવામાં આવી હતી.

સર્વેલન્સ દરમ્યાન ૨૬૯૧ તાવના કેસ મળી આવ્યા હતા. આ તાવના દર્દીઓના લોહીના નમૂના મેળવી અને તેનુ પરીક્ષણ હાથ ધરવામાં આવ્યુ છે. ૨૭૦થી વધુ કન્સ્ટ્રક્શન સાઈટો પર સાત હજારથી વધુ મજૂરોનું સ્ક્રીનીંગ પણ સર્વેલન્સ દરમ્યાન કરવામાં આવ્યુ હતુ. તંત્ર દ્વારા આ વર્ષે સર્વેલન્સમાં ૯૯.૯૫ ટકા સિદ્ધિ મેળવી છે જે ઉલ્લેખનીય છે.

# શાળાઓએ કોમર્શિયલ પ્રવૃતિ થતી નથી એવું પ્રમાણપત્ર રજૂ કરવું પડશે

**શાળાઓમાં પાઠ્ય પુસ્તક, યુનિફોર્મ સહીતના વેચાણની પ્રવૃતિને ડામવા જિલ્લા શિક્ષણ તંત્રનુ કડક વલણ**

ગાંધીનગર તા ૨

નગરની શાળાઓમાં થતી કોર્મશિયલ પ્રવૃતિ અટકાવવા માટે જિલ્લા શિક્ષણ તંત્ર સફાળુ જાગ્યુ છે. શહેરની શાળાઓમાં પાઠ્ય પુસ્તક થી લઈ યુનિફોર્મ સહીતની દુકાનો ધમધમતી હોવાનો સુર ઉઠવા પામ્યો હતો. જયારે આ મામલે જિલ્લા શિક્ષણ કચેરી દ્વારા શાળાઓને આ પ્રકારની પ્રવૃતિ ત્વરિત બંધ કરી દેવા સુચના આપવામાં આવી હતી. શિક્ષણાધિકારી દ્વારા આ મામલે પ્રત્યેક શાળાને કોર્મશિયલ પ્રવૃતિ ન થતી હોવાનુ પ્રમાણપત્ર રજુ કરવા પણ સુચના આપવામાં આવી છે.

શિક્ષણ ક્ષેત્રે શાળાઓ દ્વારા બેફામ ફી વસુલવામાં આવતી હોવાના આક્રોશ બાદ શાળાઓમાં ફી ના નવા દર નિયત કરવાની ગતિવિધિઓ હાથ ધરવામાં આવી છે. જયારે ફી ના મામલે અંકુશ મુકવા સરકાર હરકતમાં આવતા વાલીઓમાં પણ હાંશકારો પ્રવર્તયો છે. જયારે શાળાઓમાં શિક્ષણ પ્રવૃતિની સાથે કોર્મશિયલ પ્રવૃતિઓ પણ ફુલીફાલી હોવાનો રોષ પ્રબળ બન્યો હતો. જેને ધ્યાને લઈ આ મામલે શિક્ષણ તંત્ર પણ આખરે જાગૃત થયુ છે.

અગાઉ જિલ્લા શિક્ષણાધિકારી દ્વારા પ્રત્યેક શાળાઓને વિદ્યાર્થીઓના સ્કુલ યુનિફોર્મ તેમજ પુસ્તકો ,નોટબુક સહીતની ચીજવસ્તુઓના વેચાણ મામલે કમિશનની વૃતિને ડામવા કડક સુચના આપી આ પ્રકારની કોઈપણ કોર્મશિયલ પ્રવૃતિ શાળામાં ન થતી હોવાની સુચના નોટીસ બોર્ડ પર જારી કરવા પણ જણાંવાયુ હતુ. જયારે આ પ્રકારની પ્રવૃતિ બદલ શાળા સંચાલક સામે પગલા લેવાની પણ તાકીદ કરવામાં આવી હતી. જયારે આ મામલે વધુમાં જિલ્લા શિક્ષણાધિકારીએ પ્રત્યેક શાળાને કોર્મશિયલ પ્રવૃતિ કરતા ન હોય તે મામલે પ્રમાણપત્ર રજુ કરવા પણ સુચના આપી દીધી છે.

# પાણી-ગટર વેરાના નિયત દરમાં સુધાર કરવા બાંધકામ નકશા રજુ કરવા તાકીદ

**વધારાનુ બાંધકામ કર્યુ હોય તેવા કિસ્સામાં પાટનગર યોજના વિભાગને નકશા રજુ કરી મંજુરી મેળવવી પડશે**

ગાંધીનગર તા ૨

શહેરમાં પાણી ગટર વેરાની બાંધકામ મુજબ વસુલાત કરવા માટે તંત્ર દ્વારા ચક્રો ગતિમાન કરવામાં આવ્યા છે. તંત્ર દ્વારા વસાહતીઓને બાંધકામ મુજબના નકશા રજુ કરવા જણાંવાયુ છે. નગરના સેકટરો તેમજ જી આઈ ડી સી વિસ્તારમાં સ્થિત બાંધકામો સંદર્ભે નકશા મંજુરી સાથેની વિગતો પાટનગર યોજનાના કાર્યપાલક ઈજનેરને સુપ્રત કરવા જણાંવાયુ છે.

શહેરમાં પાણી ગટર વેરાની વસુલાત ક્ષેત્રે આમ પણ નબળુ ચિત્ર સ્પષ્ટ થયુ છે. પાણી ગટર વેરાની વસુલાતના અંતે પણ માંડ ૪૦ ટકા જ વસુલાત થતી હોવાનુ સ્પષ્ટ થયા બાદ તંત્ર વસુલાતના મામલે વધુ કડક વલણ અપનાવાના મુડમાં છે. હાલ પ્રતિવર્ષ નગરજનોને પાણી સપ્લાય કરવા માટે સરકાર વર્ષે કરોડો રૂપિયાનો ખર્ચ કરે છે. જયારે પાણી સપ્લાયની સામે પાણી ગટર વેરાની આવક મામુલી થાય છે. એટલુ જ નહીં પરંતુ બાંધકામના વિસ્તાર મુજબ પાણી વેરો પણ વસુલવામાં આવતો નથી. નગરના સેકટરો તેમજ જી આઈ ડી સી વિસ્તારમાં પાણી વેરો બાંધકામ મુજબ વસુલવા માટે તંત્ર દ્વારા વધારાનુ બાંધકામ થયુ હોવાના કિસ્સામાં તંત્ર દ્વારા રહીશોને વિગતો

● અનુસંધાન પાન-૭ પર

# મનપા વિસ્તારમાં ૨૮૦૦ નાના વેન્ડરો રોજગારી મેળવે છે

**નાના વેન્ડરોને લાયસન્સ આપવાની દિશામાં લાઈવલી હૂડ મિશન દ્વારા પોલીસીનો ડ્રાફ્ટ પેપર તૈયાર કરાયો**

ગાંધીનગર, તા. ૨

ગાંધીનગર શહેરમાં વેન્ડરોને લાયસન્સ આપવાની દિશામાં આગામી દિવસોમાં કાર્યવાહી હાથ ધરવામાં આવે તેવા સંકેતો મળી રહ્યા છે.

મહાનગરપાલિકાની હદમાં છુટા છવાયા સ્થાનો પર આ વેન્ડરો દ્વારા નાના-મોટા અને સીઝનલ ધંધાઓ કરી રોજગારી મેળવવામાં આવતી હોય છે. આ માટે એક ખાનગી એજન્સી પાસે સર્વે પણ કરાવવામાં આવ્યો હતો.

મનપાના વિશ્વસનીય સૂત્રોમાંથી પ્રાપ્ત થતી વિગતો મુજબ આ સર્વેના અહેવાલ અનુસાર ૨૮૦૦ જેટલા આવા નાના વેન્ડરો જણાઈ આવ્યા છે. આ બધાને આગામી દિવસોમાં લાયસન્સ આપવાની દિશામાં કાર્યવાહી કરવામાં આવે તેવા સંકેતો મળી રહ્યા છે. મનપાએ આ અંગે પોતાનો અહેવાલ રાજ્ય સરકારને મોકલ્યો

● અનુસંધાન પાન-૭ પર



બસ સ્ટેન્ડની નવી ડિઝાઈન - શહેરમાં ચ-૫ વિસ્તારમાં એસ.ટી. સ્ટેન્ડ નવી ડિઝાઈન સાથે તૈયાર થઈ રહ્યું છે... અલગ જ અભિગમ સાથે તૈયાર કરાયેલ ડિઝાઈનનો પાયલોટ પ્રોજેક્ટ અન્વયે બસ સ્ટેન્ડ તૈયાર કરાઈ રહ્યું છે... જેમાં ગરમી, વરસાદ અને વાવાઝોડા વખતે પણ મુસાફરોને રક્ષણ મળે, સાથો સાથ હવાની અવર-જવર પણ સરળતાથી થાય એવા અભિગમને કેન્દ્રમાં રાખી બસ સ્ટેન્ડ તૈયાર કરાઈ રહ્યું છે. જો કે, બાંધકામ પૂર્ણ થતાં જ સમગ્ર અભિગમનો સ્પષ્ટ ખ્યાલ આવી શકે... આજકાલ બાંધકામ ચાલી રહ્યું છે....

## બેસણું



મારા પુત્ર/ભાઈ **યુવરાજસિંહ ખાચર**નું તા. ૨૯/૪/૨૦૧૭ને શનિવારના રોજ આકસ્મિક દુઃખદ અવસાન થયેલ છે. **સદ્‌ગતનું બેસણું તા. ૪/૫/૨૦૧૭ને ગુરૂવારના રોજ સવારે ૯.૦૦ થી ૧૨.૦૦ કલાકે** રાખેલ છે.

સ્થળ : સૌરાષ્ટ્ર લેઉઆ પટેલ સમાજ વાડી, સેક્ટર-૭, પોલીસ સ્ટેશન સામે, ગાંધીનગર

લી.
**વિક્રમસિંહ એલ. ખાચર**
**જીલુભા ધાધલ**

## બેસણું (ખરણાવાળા)



અમારા પૂજ્ય ભાઈશ્રી **શંભુભાઈ વિઠ્ઠલદાસ પટેલ** (ખરણાવાળા) નિવૃત્ત માર્ગ-મકાન વિભાગનું તા. ૩૦/૪/૨૦૧૭ના રોજ અક્ષરનિવાસી થયેલ છે. **સદ્‌ગતનું બેસણું તા. ૪/૫/૨૦૧૭ના રોજ નીચેના સ્થળે અને સમયે** રાખેલ છે.

| ગાંધીનગર | ખરણા |
| --- | --- |
| પ્લોટ નં. ૨૧૨/૧, ગ-રોડ, | મહાકાળી મંદિર વાડી, |
| RTO કચેરી પાસે, | મુ. ખરણા, તા. માણસા |
| સેક્ટર-૩/ન્યુ, ગાંધીનગર | જી. ગાંધીનગર |
| **સવારે ૮-૦૦ થી ૧૦-૩૦** | **સાંજે ૪-૦૦ થી ૬-૦૦** |

લી.

| | |
| --- | --- |
| પટેલ બાબુભાઈ વિઠ્ઠલદાસ | પટેલ નરેન્દ્ર ગાંડાભાઈ |
| પટેલ માણેકલાલ ભાયચંદદાસ | પટેલ જીતેન્દ્ર ગાંડાભાઈ |
| સ્વ. પટેલ જયંતિભાઈ છગનદાસ | પટેલ સંજય ગાંડાભાઈ |
| પટેલ ભીખાભાઈ સોમાભાઈ | પટેલ રીટાબેન અમરીશકુમાર |

**સ્વ. વિઠ્ઠલદાસ ઈશ્વરદાસ નરોત્તમદાસ પરિવાર**

**નોંધ : પિયરપક્ષનું બેસણું ઉપરોક્ત સ્થળે અને સમયે રાખેલ છે.**

www.capitaloffset.in
કેપિટલ ઓફસેટ®
AN ISO 9001:2008 Certified Company
મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ
રજિ. ઓફિસ : પ્લોટ નં. એલ-૮૦૧/૧, ૨, જી.આઈ.ડી.સી. એન્જીનીયરીંગ એસ્ટેટ, સેક્ટર-૨૮, ગાંધીનગર. ફોન : ૦૭૯-૨૩૨૧૧૪૫૬, ૨૩૨૧૧૪૮૯
મો. : ૯૬૩૮૧૮૩૮૩૮, ૯૮૨૫૦ ૩૮૩૭૮, ૯૯૨૫૨ ૩૫૪૫૮,
E-mail : capitaloffsetgujarat@gmail.com
ઓફિસ : ૬૦૩ - ૬૦૪, ૬ઠ્ઠો માળ, હવેલી આર્કેડ કોમ્પ્લેક્ષ, હોટલ હવેલીની પાસે, રાધે સ્વીટની ઉપર, સેક્ટર-૧૧, ગાંધીનગર
ફોન : ૦૭૯-૨૩૨ ૪૩૬૨૩, મો ૯૬૩૮૧ ૮૩૮૩૮, ૯૯૨૫૨ ૩૫૪૫૯
બ્રોશર, લીફલેટ, મેગેજીન, પત્રિકા, સોવિનિયર, વાર્ષિક અહેવાલ, ન્યુઝ લેટર તથા દરેક પ્રકારનું મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ તથા ગ્રાફિક્સ ડિઝાઈનીંગ

ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ...
SANGHI CEMENT · Kisan · ashirvad · BENELAVE · DR. FIXIT · TATA STEEL • PIPES • SHEETS · VINAYAK 500 TMT BARS - ISI
જગદીશ સ્ટીલ સ્ટોર્સ
પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮,
મો. ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬
શાખા :
સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૮૭૮૭૭
સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ

ઈંટનો શ્રેષ્ઠ, સસ્તો અને મજબૂત વિકલ્પ
ફ્લેટ, બંગલો, બાઉન્ડ્રી વોલ, ઈન્ડસ્ટ્રીયલ વોલ, સ્કૂલ, હોસ્પિટલ માટે
● ઈંટો કરતા વધારે મજબૂત અને ત્રીજા ભાગનું વજન
● ઝડપી કામ તેમજ સીમેન્ટ, રેતી, પાણી અને મજુરીમાં મોટી બચત
● ઓછી કિંમત
● દિવાલો ખૂબ જ ઓછી તપે જેથી અંદરનું વાતાવરણ ઠંડુ રહે
● ઉધઈ અને કીટક પ્રતિરોધક
● ઈલેક્ટ્રીક અને પ્લમ્બીંગ કામ માટે એકદમ સરળ
● મશીન કટ દ્વારા પરફેક્ટ સાઈઝ, એકધારી ગુણવત્તા
● ઘોંઘાટ સામે રક્ષણ (High Sound Insulation)
● દિવાલોમાંથી નિકળતા ક્ષારથી મુક્તિ
ડીલર ઈન્ક્વાયરી આવકાર્ય
ECO GREEN™ Autoclaved Aerated Concrete Blocks
ગાંધીનગર-ચિલોડા હાઈવે, આર્મી કેમ્પ સામે, તા. જી. ગાંધીનગર | ફોન : ૭૩૫૯૪૮૮૮૨૦
sales@ecogreenproducts.in | www.ecogreenproducts.in

ઈશ્વરકૃપા ટાયર સર્વિસ
ગાંધીનગર ખાતે સૌથી જુના અને જાણીતા
એપોલો/સીએટ કંપનીના અધિકૃત વિક્રેતા
CEAT
તમામ સાઈઝના ઓરીજનલ ટાયર-ટ્યૂબ હાજર સ્ટોકમાં વ્યાજબી ભાવે મળશે
પ્લોટ નં. ૮૫૯, વિશ્વકર્મા શોપીંગ સેન્ટર, સરકારી લાઈબ્રેરીની બાજુમાં, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (દુ.) ૨૩૨૬૧૧૬૩, મો. : ૮૧૪૧૦ ૧૨૩૫૪, ૮૧૪૦૪ ૬૦૭૬૭

Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@yahoo.com